647510 **BRS2GujE801A** **Seat No :________**

# B.R.S. Semester - 2 (*CBCS*) Examination
## March/April – 2024 (As Per Syllabus Year-2018)
## GUJARATI (ELE-8)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના બેમાંથી કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

'મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે, સ્વાભાવિક છે. સત્યનિષ્ઠ ખરું જોતા કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને મા-બાપ બાળકોમાં જાણ્યે અજાણ્યે અસત્યનિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે એ અસત્યનિષ્ઠા દઢમૂળ થયા પછી જયારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો ! એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે, કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ નાના બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઇચ્છે છે તેવું સીધેસીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતાં અગવડરુપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાક બાળકો તો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું એ સૂઝતું નથી. અરે, સત્યની માગણી થાય ત્યારે મૂંગા બેસી જવું અને બચી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઇ માંત્રીક મંત્ર બોલે અને સાપ લાચારીથી પોતાના દર માંથી બહાર આવે, કમને આવે, પણ આવ્યા વગર રહે જ નહીં. તેવી રીતે માણસ સત્યની માગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઇ જેમતેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે ? સત્યનું અને અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ મૂર્તિનું.'

– ગાંધીજી

અથવા

'નદીને જો કોઇ ઉપમા આપી શકાય તો એ માતાની જ છે. નદીને કાંઠે રહીને એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજ દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુધ્ધ અને શીતલ હવા, નદીને કાંઠે ફરવા જઇએ એટલે કુદરતના માતૃવત્સલના અખંડ પ્રવાહનું દર્શન થાય નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીર-ગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાથે જ નદી એ જન સમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઇએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલું વાતાવરણ કયાં? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં? તરત જ ફેર જણાઇ આવે છે ? નદી ઇશ્વર નથી પણ ઇશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે.'

– કાકા કાલેલકર

પ્રશ્ન-૨ નીચેનાં બેમાંથી કોઇપણ એક ગદ્યખંડનો સંક્ષેપ કરો. (૧૪)

'મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એ કદી એકલો રહી શકતો નથી. એને કોઇ કોઇના સહવાસની અવશ્ય જરુર પડે છે. કુટુંબ મિત્રો અને સગાસંબંધીઓની આસપાસ તે વીંટળાયેલો રહે છે. મિત્રો માનવજીવનમાં અગત્યની ભૂમિકા નિભાવે છે. પણ પુસ્તકોની મૈત્રીને મિત્રતાની શ્રેષ્ઠ શ્રેણીમાં મૂકી શકાય. 'સંગ તેવો રંગ' એ કહેવત માણસોની જેમ પુસ્તકોની બાબતમાં પણ સાચી છે. મિત્રોની જેમ પુસ્તકો પણ માનવજીવનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સારા મિત્રોની જેમ સારું પુસ્તક માનવીને સુખદુખમાં સાથ સહારો અને સાંત્વના આપે છે. કેટલાક લોકોના જીવનમાં પુસ્તકોને લીધે મહાન પરિવર્તન આવ્યું છે. જહોન રસ્કિનના 'અન-ટુ-ધ-લાસ્ટ' નામનાં સુપ્રસિધ્ધ પુસ્તકમાંથી ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી. ગીતા અને બાઇબલ જેવા ધર્મ પુસ્તકોએ અસંખ્ય લોકોને માર્ગદર્શન આપ્યું છે. ઉત્તમ પુસ્તકોની મૈત્રી કરનાર માણસ પ્રતિકૂળ સંજોગોમાં પણ મૂંઝવણ કે દુ:ખ અનુભવતા નથી. શ્રેષ્ઠ પુસ્તકો માણસનાં અજ્ઞાન અંધશ્રધ્ધા અને વહેમોને દૂર કરીને જીવનને જોવાની દષ્ટિ સમૃધ્ધ અને વિશાળ બનાવે છે. સારા પુસ્તકો કદી છેહ દેતા નથી. પુસ્તકોની મૈત્રી રાખનારને કદી એકલતા સાલતી નથી. પુસ્તકોના પાને પાને અક્ષરદેહે અમર થઇ ગયેલા મહાપુરુષો બિરાજે છે. જગતનાં મહાન દાર્શનિકો કવિઓ લેખકો મહાપુરુષો વગેરે ઉત્તમ પુસ્તકો દ્વારા વાચકને પ્રસંગોચિત માર્ગદર્શન આપે છે. રામાયણ અને ભાગવત જેવા ઉચ્ચકોટિનાં પુસ્તકો વિશાળ જનસમુદાયને સદીઓથી દોરવણી આપી રહ્યા છે. સમૃધ્ધ જીવનને કેળવવા અને જીવનને સુખમય બનાવવા ઉત્તમ પુસ્તકોની મૈત્રી કરવી એ જ શ્રેયસ્કર છે.'

– અજ્ઞાત

અથવા

'અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુધ્ધિને ખીલવવી નથી પડતી. સરકસનાં મેનેજરો પણ એ જ રીતે અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જયારે વિશ્વાસ ઉઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

– કિશોરલાલ મશરુવાલા

પ્રશ્ન-3 વિરામચિહ્ન એટલે શું ? એનું વિસ્તારથી મહત્વ વિશે વિગતે સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 નીચેનામાંથી કોઇપણ સાત વાક્યોમાં વિરામચિહ્ન મૂકીને વાક્યોને ફરીથી લખો.

1) વાહ ધન્ય છે તારા માતા પિતાને
2) શું તેનું મુખ ચંદ્રમા સમાન લાગતુ નથી
3) હવે તમને કેમ લાગે છે માથુ દુ:ખે છે.
4) મારો જન્મ 67માં થયો હતો.
5) અરે કેવો ક્રુર માણસ.
6) અહા કેવી મજાની ચાંદની છે.
7) ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો શુ તમે વાચી છે.
8) રામના અન્ય ત્રણ ભાઇઓમાં ભરત શત્રુધ્ન અને લક્ષ્મન છે.
9) હું માનવી માનવ થાઉ તોય ઘણું.
10) ત્યારે ખંડેરોની ભસ્મકણીય ના લાધશે.

પ્રશ્ન-૪ તમને ગમતા નીચેનાં કોઇ સાત રુઢિપ્રયોગોનાં અર્થ સમજાવી, વાક્યમાં એનો ઉપયોગ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઇપણ સાત કહેવતોનો અર્થ સમજાવો.

(1) તમાશાને તેડું ના હોય
(2) પારકે પૈસે પરમાનંદ
(3) પોપાબાઇનું રાજ ચાલે છે.
(4) ખાટલે મોટી ખોટ્ય
(5) દૂરથી ડુંગર રળિયામણા
(6) ઠંડા પહોરનાં ગપાટા
(7) ન બોલવામાં નવ ગુણ
(8) બોલે એના બોર વેંચાય
(9) ખાલી ચણો વાગે ઘણો
(10) વાતનું વતેસર કરવું.

પ્રશ્ન-૫ સમાસ એટલે શું? તે સમજાવીને દ્વન્દ્વ, તત્પુરુષ અને કર્મધારક સમાસ સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-૫ નીચેનાંમાંથી કોઇપણ સાતનાં સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

| | | | |
|---|---|---|---|
| (1) લેણદેણ | (2) વધઘટ | (3) વેરઝેર | (4) આબોહવા |
| (5) માતાપિતા | (6) ત્રણચાર | (7) આગગાડી | (8) દીવાસળી |
| (9) દીવાદાંડી | (10) આનંદજનક | | |

****************